જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૧૧/૨૦૨૨  શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૯૮૧/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની
તા.03/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦ | ૪,૧૮,૪૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન

## મિલ્કત સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ (૧) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૨૦૨૪૩/૨૦૨૨ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ (૨) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૨૦૮૫૧/૨૦૨૨ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના ગુનાઓના કામના આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૯૩૩/૨૦૨૨ તા-૦૩/૧૧/૨૦૨૨ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૦૩/૧૧/૨૦૨૨ ના કલાક-૧૯/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**આરોપીનુ નામ -**

કુંતલ દુષ્યંતભાઈ શાહ ઉ.વ.૧૯ રહે:મ.નં: એફ/૯૩ સુમતીનાથ પ્રભુ સોસાયટી વ્યાસવાડી કેનાલ પાસે નરોડા અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિકારી / કર્મચારી**

પી.આઇ.પર્સનલના હે.કો.અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા પો.કો. શૈલેષસિંહ ધુળસિંહ બ.નં. ૧૧૭૩૭ તથા પો.કો. મયુરસિંહ કરણસિંહ બ.નં.૧૨૫૧૦ સર્વેલન્સ સ્કોડના પો.કો. ધર્મપાલસિંહ કાળુસિંહ બ.નં.૧૨૫૧ તથા પો.કો. દેવેન્દ્રસિંહ નવીનસિંહ બ.નં.૨૫૧



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૮૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૧૨૦ લીટર દેશી દારૂ, ૪૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તથા જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૬૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૮૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૯૮૪/૨૦૨૨**

**નરોડાઃ** કુંદનભાઇ સ/ઓ ગીરધારીલાલ કામીયા (રહે. સ્વાગત એપાર્ટમેન્ટ મીની કાંકરીયા તળાવના દરવાજાની સામે નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૧/૨૦૨૨ બપોરના ૧૨/૩૦ થી સાંજના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની લોખંડની જાળીનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨,૪૪,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૪૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૯૮૫/૨૦૨૨**

**ઓઢવઃ** વિશાલભાઇ સુર્યપ્રકાશભાઇ સોની (ઉ.વ.૨૬)(રહે.પુષ્કર હીલ-૧ ગુરૂદ્વારા પાસે ઓઢવ) તા.૦૨/૧૧/૨૦૨૨ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે નરોડા પાટીયા થી ઓઢવ જવા માટે શટલ ઓટોરિક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે રિક્ષામાં બેસેલ બે પુરૂષોએ રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષા ઓઢવ ફાયરબ્રીગેડ" જય કેમિકલ" કંપનીના વેરાના ગેટ પાસે ઉભી રાખી વિશાલભાઇને ચપ્પુ બતાવી મારી નાખવાની ધમકી આપી વિશાલભાઈ સોનીના પાકીટમાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૫,૦૦૦/-, સોનાનુ પેંડલ કિંમત રૂપિયા ૬,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૪,૦૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિશાલભાઈ સોનીએ ઓઢવ પોલીસે સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૯૮૬/૨૦૨૨**

**ચાંદખેડાઃ** ઈશાબહેન વા/ઓ કમલેશભાઇ દેસાઈ (ઉ.વ.૩૫) (રહે. રબારીવાસ ગામ-વાંસજડા તા.કલોલ જી.ગાંધીનગર) એ તા.૦૩/૧૧/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૦/૨૦૨૨ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે શટલ ઓટોરિક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે ચાંદખેડા વિલેજ વિંટો હોટલ સામે રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં રહેલ બે પુરૂષોએ ઈશાબહેન દેસાઈની નજર ચુકવી ઈશાબહેનના થેલામાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨,૩૧,૦૦૦/- ચોરી કરી લઈ રિક્ષામાં બેસેલ મુસાફરને ઉતારી આવવાનુ કહી પરત આપવાનુ જણાવી ઈશાબહેન દેસાઈને રિક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૮૭/૨૦૨૨**

**સરખેજઃ** સુનિલભાઇ શ્રીધરભાઇ ભોજકર (ઉ.વ.૬૦) (રહે. અતુલ્યમ ટાવર મકરબા ટોરંટ પાવર નજીક મકરબા સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૧/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

**નારોલઃ** શૈલેન્દ્રકુમાર રામમીલન મોર્ય (ઉ.વ.૨૪) (રહે. વૃંદાવનનગર વૈશાલીનગરની બાજુમાં નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૧/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઇ.શ્રી રીટાબહેન સુરેશભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી